(મૂળ અંગ્રેજીનું ગુજરાતી ભાષાંતર -કોઈપણ તફાવતમાં મૂળ અંગ્રેજી જાહેરનામુ આખરી રહેશો ચોકકસ સમજણ-અર્થઘટન માટે મૂળ અંગ્રેજી જાહેરનામાને ધ્યાને લેવા સલાહ આપશો.)

ફી જાહેરનામુ

ગુજરાત સરકાર

માર્ગ અને મકાન વિભાગ

નવા સચિવાલય, ગાંધીનગર

નં.ટોલ/૧૦-૨૦૧૧/૮૩૫/૮/પ્રાઈવેટ

ઇ-ફાઇલ નં. જીએસઆરડીસી/ફી/ઇ-ફાઇલ/૨૧૧૩/૨૦૨૩/૦૦૧૯/એચઓડી

તા. ૨૭ /૦૪/૨૦૨૬

સરકારી આદેશ

ગુજરાત સરકારે ગુજરાત રાજયમાં બાંધકામ, સંચાલન, તબદીલના આધારે નાણાં-ધિરાણ, બાંધકામ, નિભાવ અને માળખાના સંચાલન અને અન્ય વિકાસ પ્રયોજનાઓમાં ખાનગી ક્ષેત્રનું ભાગીદારી કરવા માટે નિયમનકારી માળખું પુરૂ પાડવા, ગુજરાત આંતર માળખા વિકાસ અધિનિયમ, ૧૯૯૯ (૧૯૯૯ નો ગુજરાત અધિનિયમ નં.૧૧) ઘડી કાઢયો છે.

1. ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર (અહીં હવે પછી જેનો ઉલ્લેખ "જીએસઆરડીસી" તરીકે કરવામાં આવે છે.), તા.૧૭/૯/૨૦૦૮ના રોજ ભારત સરકારના નિભાવ ક્ષામતા અંતર ભંડોળ યોજના હેઠળ ગુજરાત રાજયમાં રાજકોટ-જામનગર-વાડીનાર માર્ગ એસએચ-૨૫ ના કિ.મી.૩.૦૦ થી કિ.મી.૧૨૫.૫૫ ના ખંડને ચારમાર્ગીય કરવા માટે એલ એન્ડ ટી રાજકોટ-વાડીનાર ટોલ વે પ્રાઈવેટ લી.જેનું નવું નામ એલ એન્ડ ટી રાજકોટ વાડીનાર ટોલ વે. લિમિટેડ (અહી હવે પછી જેનો ઉલ્લેખ "કન્સેશનર" તરીકે કરવામાં આવ્યો છે.) સાથે નિર્માણ સંચાલન અને તબદીલીના ધોરણે કરાર કર્યો છે. આ પરિયોજના ધોરીમાર્ગની મોજણી, આલેખન, ઈજનેરી, સંપાદન, નાણાં, બાંધકામ, વ્યવસ્થાપન, સંચાલન અને જાણવણી કરવા સંમત થયા છે.
2. આ કન્સેશન કરારની કલમ-હેઠળ, આ કન્સેશન કરારની કલમ -૩.૧ માં નિયત કરેલા કન્સેશન સમયગાળા માટે કન્સેશનરને આ પરિયોજના નિહિત કરે છે.
3. હવે આ કન્સેશન કરાર હેઠળ, કન્સેરનરના અધિકારીની સ્વીકૃતિમાં આથી ગુજરાત રાજય સમર્થન આપે છે, જાહેર કરે છે અને આદેશ કરે છે કે કન્સેશનર અથવા તેમના અધિકૃત એજન્ટ/કર્મચારીઓ, કન્સેશન કરાર અનુસાર કોઠો નં.જી.૨ માં આવા નિશ્ચિત કરેલા વર્ગોના અને વાહનોથી ખેંચવામાં આવતા ટ્રેલર ઉપર, તેમાંના દરેકની સામે કોઠો નંબર-૪,૫,૬, અને ૭ માં નિર્દિષ્ટ કરવામાં આવેલા દરે ચાર્જ નિયત કરશે, વસુલ કરશે, ઉઘરાવશે, એકત્રિત કરશે અને રાખશે.

નીચે આપેલો કોઠો જી.૧, ટોલ પ્લાઝા સ્થાન હેઠળ આવરી લીધેલા અનુભાગની લંબાઈ દર્શાવે છે:

કોઠો -જી.૧ દરેક ટોલ પ્લાઝા સ્થળ હેઠળ આવરી લેવાયેલ અનુભાગની લંબાઈ

| અનુભાગનું નામ | ટોલ પ્લાઝા સ્થળ કિ.મી. | આવરી લીધેલા અનુભાગની લંબાઈ કિ.મી. | કુલ લંબાઈ કિ.મી. |
|---|---|---|---|
| રાજકોટ-ધ્રોલ | ૨૯/૪૪૦ | ૩.૦૦ થી ૫૦.૦૦+ સ્પર રોડ ૫.૩ કિ.મી. | ૫૨/૩૦૦ |
| ધ્રોલ-જામનગર બાયપાસની શરૂઆત | ૫૮/૩૨૫ | ૫૦/૦૦૦ થી ૭૮/૬૦૦ | ૨૮/૬૦૦ |
| જામનગર બાયપાસથી વાડીનાર એપ્રોચ | ૧૧૦/૪૨૭ | ૭૮.૬૦ થી ૯૭.૮૦(જામનગર બાયપાસ) +૯૪+૦૦૦ થી ૧૨૫+૫૫૦ વસઈ બાયપાસ સહિત | ૫૦/૭૫૦ |

<u>**દરની અનુસૂચિ**</u>

૧ લી મે, ૨૦૨૬ ના રોજથી ગુજરાત રાજય ધોરી માર્ગ -૨૫ પરના કિ.મી. ૩.૦૦ થી કિ.મી.૧૨૫.૫૫ ના માર્ગનો ઉપયોગ કરનાર પાસેથી વસુલ કરવાની બેઝ ફી ના દર.

| અ.નં. | વાહનોના પ્રકાર | બેઝ (પાયા) ટોલ દર /ફી (રૂપિયામાં ) (વાહન દીઠ એકમાર્ગી મુસાફરી માટે ફીના દર) ૧ મે- ૨૦૨૬ થી કિલોમીટર દીઠ રૂપિયામાં) | વર્ષ ૨૦૨૬-૨૭ માટે નોટિફિકેશન ક્લોઝ- ૭ પર આધારિત મે-૨૦૨૬ ના સુધારેલ ટોલ રેટ /ફી પર આધારિત ખરેખર ઉપયોગકર્તા ફી રૂપિયામાં | | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | | રાજકોટ-ધ્રોલ | ધ્રોલ-જામનગર | જામનગર બાયપાસથી વાડીનાર એપ્રોચ | રાજકોટ-જમનગર વાડીનાર (વાહન દીઠ એકમાર્ગી મુસાફરી માટે ફીના દર રૂ.માં) | ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંકઃ- મુ.મ.સ./ ૧૦/૨૦૧/ ટો.મુ/ કેબીનેટ/૧૯/ખા.ક. તા.૧૨/૮/૨૦૧૬ થી જણાવ્યા મુજબ ટોલ પ્લાઝા પર કાર/જીપ /વાન દ્વિચક્રીય, ગુજરાત રાજય પરિવહન નિગમ એસ.ટી. બસને ટોલ ભરવામાંથી મુકિત આપવાની રહેશે. |
| ૧ | મોટર ગાડીઓ/ જીપ | ૧.૫૪૧ | ૮૦ | ૪૫ | ૮૦ | ૨૦૫ | |
| ૨ | મિનિ બસ | ૨.૭૦૪ | ૧૪૦ | ૭૫ | ૧૩૫ | ૩૫૦ | |
| ૩ | બસ | ૫.૩૮૨ | ૨૮૦ | ૧૫૫ | ૨૭૫ | ૭૧૦ | |
| ૪ | એલસીવી | ૨.૭૦૪ | ૧૪૦ | ૭૫ | ૧૩૫ | ૩૫૦ | |
| ૫ | ૨ એકસેલ વાળો ખટારો | ૫.૩૮૨ | ૨૮૦ | ૧૫૫ | ૨૭૫ | ૭૧૦ | |
| ૬ | એમએવી | ૮.૬૬૭ | ૪૫૫ | ૨૫૦ | ૪૪૦ | ૧૧૪૫ | |

આ ફી, પરિયોજના ધોરીમાર્ગના માર્ગ (કન્સેશન કરારમાં વ્યાખ્યાયિત કયર્ા મુજબ) નો ઉપયોગ કરતાં પરિયોજના ધોરીમાર્ગના કિ.મી. ૨૯+૪૪૦ ઉપર આવેલ ટોલ પ્લાઝામાં પ્રવેશતા અને રાજકોટ-ધ્રોલ સેકશન ઉપર પસાર થતાં, કિ.મી.૧૧૦+૪૨૭ ઉપર આવેલ ટોલ પ્લાઝામાં પ્રવેશતાં અને જામનગર-બાયપાસ ઉપરથી વાડીનાર એપ્રોચ સેકશન ઉપર પસાર થતાં વાહનો ઉપર, **તા.૦૧/૦૫/૨૦૨૬ના રોજ ૦૦.૦૦** કલાકની અસરથી લેવામાં આવશે.

4. નીચેના પ્રકારના વાહનો ટોલમાંથી બાકાત રહેશે અને "કન્સેશનરે " તેમને ટોલ ચાર્જ વિના સવલતોનો ઉપયોગ કરવા દેવાનો રહેશે. વીઆઈપીનું ચિહન ધરાવતા વાહનો જે સત્તાવાર અધિકૃત રીતે ભારતના નામદાર રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન, રાજયોના રાજયપાલો, ઉપરાજયપાલો , સંઘ પ્રદેશોના રાજયપાલો, મુખ્ય મંત્રીઓ, કેન્દ્ર અને રાજયના મંત્રીઓ, કેન્દ્ર અને રાજય વિધાનસભાના ક્ષેત્રાધિકાર ધરાવતા અધ્યક્ષાપદ સંભાળતા પદાધિકારીઓ અને લોકસભા, રાજય સભા અને રાજય વિધાનસભામાં વિરોધપક્ષાના નેતાઓ, ભારતની સર્વોચ્ચ અને ઉચ્ચ અદાલતના ક્ષોત્રાધિકાર ધરાવતા જજ, ભારતની મુલાકાતે પધારતા વિદેશી મહાનુભાવો, મોટરકારોમાં સીડી પ્રતીક ધરાવતા ભારત ખાતે નિયુકત થયેલ વિદેશી મિશનોના વડાઓ, સાંસદો, ધારાસભ્યો, કેન્દ્ર અને રાજય સરકારના વાહનો, જીએસારડીસીના અધિકારીઓ, સ્થળના સંબંધમાં તેમની વૈધાનિક ફરજો બજાવતા પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરવો જરૂરી હોય તેવી વ્યકિતઓ, સ્વતંત્ર પરામર્શક, ગણવેશધારી સશસ્ત્ર દળો, અર્ધ લશ્કરી લશ્કરી દળો અને સુરક્ષાા દળનાં વાહનો સહિત કેન્દ્ર અને રાજયના દળો, પોલીસ વાહનો, પરમવીર ચક્ર, અશોક ચક્ર, મહાવીર ચક્ર, કીર્તિ ચક્ર, વીર ચક્ર અને શોર્ય ચક્ર જેવા વીરતા પુરસ્કારોના વિજેતાઓને સક્ષામ સત્તાતંત્રે તેમના પુરસ્કારને અધિકૃત કરતું ઓળખપત્ર દર્શાવતા, જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખો, અગ્નિશામક દળના વાહનો, એમ્બ્યુલન્સ અને કટોકટી ‘સમયમાં બચાવ કામગીરીમાં વપરાંતા વાહનો.
5. નિર્દિષ્ટ ફી યોગ્ય રીતે ચુકવ્યા વિના પરિયોજના માર્ગનો ઉપયોગ કરવા માટે ઉપયોગકર્તાને નિયંત્રિત કરવાનો અથવા પ્રતિબંધિત કરવાનો કન્સેશનરને અધિકાર છે.
6. વ્યાખ્યાઓ આ જાહેરખાનામાં, અન્યથા સંદર્ભ જરૂરી હોય એ સિવાય.

I. **"વાસ્તવિક ફી"** એટલે પ્રયોજના -ધોરીમાર્ગનો દરેક અનુભવ અથવા તેના કોઈ ભાગનો ઉપયોગ કરનાર પાસેથી ખરેખર વસુલાત કરાતી ફી, જેમાં જામનગર બાયપાસ અને આ જાહેરનામાની યાદીમાં દરેક અનુભવ માટે આપેલ પાયાની ફી લાગુ પડવાપાત્ર છે.

II. **"વાણિજિયક સંચાલનની તારીખ "** ("સીઓડી") એટલે રાજય ધોરીમાર્ગ નં.૨૫ ના ઉકત અનુભાગની વાણિજિયક સંચાલન શરૂ થાય, ઉકત રાજય ધોરીમાર્ગના ઉકત અનુભાગની કામગીરી પૂર્ણ થયે સત્તાતંત્ર અને કન્સેશનર વચ્ચે કરવામાં આવેલા કરારની જોગવાઈઓને અનુરૂપ, જે દિવસે સ્વતંત્ર ઈજનેરે પૂર્ણતા પ્રમાણપત્ર અથવા કામચલાઉ પ્રમાણપત્ર આપ્યું હોય તે તારીખ;

III. **"સમાપ્તિ તારીખ"** એટલે સત્તાતંત્ર અને કન્સેશનર વચ્ચે કરવામાં આવેલા કરારની જોગવાઈઓ અનુસાર ઉકત કરારની મુદત પુરી થાય તે અથવા સમાપ્તિ નોટિસ ધ્વારા કરારની મુદતની પુરી કરવામાં આવે તે તારીખ;

IV. **"સ્થાનિક યાતાયાત/અવરજવર"** એટલે આ પરિયોજના ધોરીમાર્ગ ઉપર ખાનગી મોટરગાડી ધ્વારા કરવામાં આવતી અવર-જવરઃ પરંતુ (૧) આવી ખાનગી મોટર ગાડીની માલિક વ્યકિત ટોલ પ્લાઝાથી ૧૫ (પંદર) કિ.મી.ની હદમાં રહેતી હોવી જોઈએ, અને (૨) આવા વિસ્તારમાં જોડતા માર્ગ માટે કોઈ વિકલ્પ ન હોવો જોઈએ.

શંકાના નિવારણ માટે, આવા વિસ્તારને જોડતો માર્ગ, પરિયોજના ધોરીમાર્ગને અનુરૂપ અંતરથી ૨૦%(વીસ ટકા) થી વધુ અંતરની મુસાફરી કરવી પડતી હોય તો તે માર્ગને વિકલ્પ ગણવામાં આવશે નહીં;

V. **"સ્થાનિક વાણિજ્યિક યાતાયાત/અવરજવર"** એટલે ટોલ પ્લાઝા વચ્ચે અને ટોલ પ્લાઝાથી બેમાંથી કોઈપણ દિશામાં ૧૫ કિ.મી. ની હદમાં આવેલા કોઈપણ સ્થળ વચ્ચે મોટરગાડી, એલસીવી, બસ અથવા ખટારા ધ્વારા કરવામાં આવતી યથાપ્રસંગ અવર જવર, પરંતુ તેમાં સ્થાનિક યાતાયાત /અવરજવરનો સમાવેશ થશે નહી;

VI. **"પૂલ/બ્રિજ "** એટલે કન્સેશન કરાર હેઠળ બંધાયેલો, સંચાલિત અથવા જાળવવામાં આવતો હોય એવો કોઈ પણ બ્રિજ, માર્ગ પરનો ઓવરબ્રિજ અથવા અંડર બ્રિજ;

VII. **"બસ "** એટલે એકદંર ૧૨,૦૦૦ (બાર હજાર) કિલોગ્રામથી વધારે વજન ધરાવતું કોઈ પણ ઉતારુ મોટર વાહન;

VIII. **"બાહ્યમાર્ગ"** એટલે પરિયોજના ધોરીમાર્ગ ઉપરના કન્સેશન કરાર હેઠળ બંધાયેલા, સંચાલિત અથવા જાળવવામાં આવતા હોય તેવા કોઈપણ બાહ્યમાર્ગનો સમાવેશ થાય છે;

IX. **"મોટર ગાડી (કાર)"** એટલે તેમાં કોઈપણ મોટર પરિવહન વાહન, મોટર ગાડી (કાર) જીપ, વાન, ઓમની બસ, અથવા એકદંર વાહન વજન ૭૫૦૦(સાત હજાર પાંચસો) કિલોગ્રામથી વધારે ન હોય તેવું ચાર પૈડાંવાળુ મોટર પરિવહન, પરંતુ તેમાં મોટર સાઈકલ, ટ્રેકટર અથવા રોડ રોલરનો સમાવશે થતો નથીસ

X. **"કન્સેશન કરાર"** એટલે જીએસઆરડીસી અને કન્સેશનર વચ્ચે પરિયોજના ધોરીમાર્ગના તેમના ખર્ચે મોજણી, આલેખન, ઈજનેરી કામગીરી, સંપાદન, નાણાં, બાંધકામ, વ્યવસ્થાપન, સંચાલન તથા નિભાવ અંગેની કામગીરી કરવા માટે થયેલો કરાર;

XI. **"કન્સેશનર"** એટલે જીએસઆરડીસી સાથે કન્સેશન કરાર કર્યો હોય તે વ્યકિત;

XII. **"સરકાર"** એટલે ગુજરાત સરકાર;

XIII. **"એકદંર વાહન વજન"** અથવા **"જીવીડબલ્યુ"** એટલે કોઈપણ વાહનની બાબતમાં મોટરવાહન અધિનિયમ ૧૯૮૮ હેઠળ વાહનનું પ્રમાણિત થયેલું અને નોંધાયેલું વાહનનું અને ભારનું કુલ વજન;

XIV. **"એમએવી અથવા ભારે ખટારો"** એટલે ૨૦,૦૦૦ કિલોગ્રામથી વધારે એકંદર વાહન વજન ધરાવતા માલવાહક ખટારા અને તેમાં ત્રણથી છ એકસેલ ધરાવતા ખટારા અને અર્થ મુવર સાધનસામગ્રીનો સમાવેશ થાય છે;

XV. **"હળવું વાણિજ્યિક વાહન"** અથવા **એલસીવી"** એટલે કોઈપણ ઉતારુ વાહન અથવા ૭,૫૦૦ કિલોગ્રામથી વધારે એકંદર વાહન વજન ધરાવતું વાહન અને તેમાં ટ્રેઈલર સાથેના ટ્રેકટરનો સમાવેશ થાય છે. પરંતુ ટ્રેક્ટર, બસ, ખટારા (ટ્રક) અથવા ભારે ખટારા (ટ્રક) નો સમાવેશ થતો નથી;

XVI. **"પરિયોજના ધોરીમાર્ગ" અથવા "ધોરીમાર્ગ"** એટલે કન્સેશન કરાર પ્રમાણે હયાત રોડમાં હયાત રાજય ધોરીમાર્ગ -૨૫ ના કિ.મી. ૩.૦૦ થી ૧૨૫.૫૫ કિ.મી. તેમજ જામનગર બાયપાસમાં સમાવિષ્ટ સાઈટ અને પ્રોજકેટ અકસ્માતો અને તેમના અનુગામી વિકાસ અને વર્ધનનો સમાવેશ થાય છે.

XVII. **"રોડ ઓવરબ્રિજ/અંડરબ્રિજ" અથવા આરઓબી/આરયુબી"** એટલે એવા રોડ ઓવરબ્રિજ/અંડરબ્રીજ જે રેલ્વે ટ્રેક (પાટા) ને ઉપરથી /નીચેથી નીકળતા હોય અને આ કન્સેશન કરાર હેઠળ બંધાયેલા, સંચાલિત થતા અથવા જાળવણી કરવામાં આવતા હોય;

XVIII. **"ટોલ"** એટલે આ નિયમો હેઠળ પરિયોજના ધોરીમાર્ગ, બાહ્યમાર્ગ, પુલ અથવા રોડ ઓવરબ્રિજ/અંડરબ્રિજ અથવા આરઓબી/આરયુબીનો ઉપયોગ કરનારા ધ્વારા ચુકવવાપાત્ર, કિલોમીટર દીઠ ટોલ ચાર્જ;

XIX. **"ટ્રેકટર"** એટલે એવું મોટર વાહન, જેને માલસામગ્રી ધકેલવાના /ખેંચવાના હેતુ માટે વપરાતી સાધનસામગ્રી સિવાય કોઈ વજન ઉપાડવા બનાવવામાં ન આવ્યુ હોય તેમાં રોડ રોલરનો સમાવેશ થતો નથી.

XX. **"ખટારો /ટ્રક"** એટલે એવું કોઈપણ માલવાહક વાહન, જે ૧૨,૦૦૦(બાર હજાર) કિલોગ્રામથી વધારે એકંદર વાહન વજન ધરાવતું હોય, તેમાં રોડ રોલરનો સમાવેશ થાય છે. પરંતુ ભારે ખટારાનો સમાવોશ થતો નથી;

XXI. **"ડબલ્યુ પી આઈ"** એટલે ભારત સરકારના ઉધોગ મંત્રાલય ધ્વારા પ્રકાશિત કર્યા પ્રમાણેના તમામ ચીજ-વસ્તુઓ માટેનો જથ્થાબંધ કિંમત સુચકાંક અને તેમાં ડબલ્યુ પી આઈની અવેજીમાં કોઈ સુચકાંક હોય તો તેનો સમાવેશ થાય છે.

**7.** ઉપયોગકર્તા ફી:

સીઓડી (વાણિજિયક સંચાલનની તારીખ (કોમર્શિયલ ડેટ) થી ચોકકસમાટે વસુલ કરવાની ફીના દર નીચે પ્રમાણે ગણવામાં આવશે;

વર્ષના ફુગાવાના ૫% સુધી વધારેલી મૂળ ફી ના અધિકત્તમ દર × કી.મી. એકમાર્ગી મુસાફરી માટે માર્ગ ની લંબાઈ.

**વાર્ષિક સુધારણા:**

ઉપર જણાવેલી ફીની વર્ષમાં એકવાર ૫% ફુગાવાના ટોલ દર વધારીને બદલવામાં આવશે. કોરીડોર લેવલ ટોલ દરના અંદાજ માટે તેને નજીકના પાંચ રૂપિયા સુધીના પૂરા આંકડામાં બદલી લેવામાં આવશે.

વાર્ષિક ટોલ ફીના સુધારણા માટેનો પાયાનો ટોલ દર, પાંચ રૂપિયા સુધીના પૂરા આંકડાને અવગણીને, આગળના વર્ષની ખરેખર ટોલ ફી રહેશે.

"વાર્ષિક સુધારણા ટોલ દર"= [પૂરા આંકડા સુધી લાગ્યા વિના વર્ષ, ૨૦૦૭ માં, આપેલા અનુભાગ માટે, પાયના ટોલ દર] x એકમાર્ગી મુસાફરી માટે આ અનુભાગના કિ.મી.

(૧+ ૦.૦૫)^n

"n" ૧લી જાન્યુઆરી, ૨૦૦૭થી સંવત્સરીની સંખ્યા દર્શાવે છે.

**8.** ભીડ અને ભીડના સિવાયનો સમય (પીક અને ઓફ પીક) ની ઉપયોગકર્તા ફી

8.1. કન્સેશનર નિયમ ૮ અનુસાર ભીડના અને ભીડ સિવાયના સમયે, કન્સેશન સમયગાળો શરૂ થવાની તારીખના પાંચ વર્ષ પછી કોઈ પણ સમયે અને જીએસઆરડીસીની પૂર્વ મંજુરી મેળવ્યા પછી, જીએસઆરડીસી આવી મંજુરી, તેનાં વિવેકાધિકારથી નકારી શકે, પરિયોજના ધોરીમાર્ગના ઉપયોગ માટેના, ભીડ ના અને ભીડ સિવાયના સમયના અનુક્રમે ઉંચા અને છુટનાં ("તફાવત ફી") દર નકકી કરી શકે અને ઉઘરાવી શકે.

પરંતુ તેમ છતાં, આવી તફાવત ફી, સ્થાનિક યાતાયાત અને નિયમ-૧૩ હેઠળ નીચા ટોલ દરની સવલત મેળવનાર વારંવારના ઉપયોગકર્તાને લાગુ પડશે નહીં.

8.2. આ હેતુ માટે દરેક કન્સેશનર દિવસમાં છ કલાકથી વધુ નહી એટલો સમય ભીડના સમય તરીકે અને તેનાથી બમણો જેટલો સમય બીડ સિવાયના સમય તરીકે નિર્દિષ્ટ કરી શકાશે. બીડના સમય દરમિયાન, કન્સેશનર લાગુ પાડવા પાત્ર ફીના ૨૫% (પચીસ ટકા) સુધીનું અથવા જીએસઆરડીસીના હુકમ પ્રમાણેનું આવું ઉચું પ્રીમીયમ નકકી કરી શકાશે અને ઉઘરાવી શકશે. સાથે સાથે, ભીડના સમયે આવું પ્રીમીયમ વસુલતી વખતે આવા કન્સેશનર, ભીડના કલાકોના પ્રીમિયમથી બમણા જેટલા દરની છુટ ભીડ સિવાયના સમય માટે આપશે. શંકાના નિવારણ માટે, તફાવતની ફી નું નિર્ધારણ પરિયોજના ધોરીમાર્ગના ટોલ પ્લાઝા ખાતે ઉપયોગકર્તાના પ્રવેશના સમયને ધ્યાનમાં લઈને કરવામાં આવશે.

8.3. જો તફાવતની ફી નું નિધર્ારણ અને ઉઘરાણી કન્સેશનરના ટોલની આવકના વધારામાં પરિણમશે, તો તફાવત ફી ને કારણે થતી દરેક વર્ષની વધારાની આવકના ૮૦% કન્સેશનર સરકારશ્રી ધ્વારા નિયત કરાતાં અલગ ભંડોળમાં જમા કરાવશે અને સંબંધિત કન્સેશન કરાર અન્વયે સરકાર ધ્વારા નકકી કરાતી ઉપયોગકતર્ાઆે માટેની વધારાની સવલતો ઉભી કરવા વપરાશે. આ નિયમ ૮.૩ ના હેતુ માટે, તફાવત ફીમાંથી મળતી વધારાની આવક એટલે આ નિયમ-૮ હેઠળ લાગુ કરાયેલ તફાવત ફીથી એકઠી કરાયેલ કુલ રકમ બાદ મે. કન્સેશનર ધ્વારા આ નિયમ તફાવત ફી લાગુ કરવાનો વિકલ્પ ન સ્વીકારેલ હોત તો લાગુ પાત્ર ટોલ ચાર્જ થી થયેલ કુલ આવક, તેમ ગણવાની રહેશે

**9. વધારાના ટોલ પ્લાઝા :**

કન્સેશનર તેમના વિવેકાધિકારથી આ નિયમો હેઠળ ચુકવવાપાત્ર ટોલ ફીની ચુકવણીમાંથી છટકવા માટે પરિયોજના ધોરીમાર્ગ સુધી જતા પ્રવેશ માર્ગોનો ઉપયોગ કરતાં હોય તેવાં વાહનોની તપાસ રાખવા માટે વધારાના ટોલ વસુલાત કેન્દ્ર અને પ્રવેશ અવરોધો ઉભા કરી શકે છે. પરંતુ ટોલ પ્લાઝાની બંને બાજુ આશરે ૧૦ કિ.મી.ના અંતરથી વધુ આગળ આવાં વધારાના ટોલ વસુલાત કેન્દ્ર અથવા પ્રવેશ અવરોધ ઉભાં કરી શકાશે નહીં.

**10.મુકિત આપવામાં આવી હોય તેવા વાહનો.**

આ ફી જાહેરનામાના નિયમ-૪ માં નિર્દિષ્ટ કરેલા વાહનોને ટોલની ચુકવણીમાંથી મુકિત આપવામાં આવશે.

**11.સ્થાનિક યાતાયાત/અવરજવર માટે મુકિત :**

જે વાહન પરિયોજનાના ભાગનો ઉપયોગ કરતું હોય અને ટોલ પ્લાઝા પાર કરતું ન હોય તેની પાસેથી કોઈ ચાર્જની વસુલાત અથવા ઉઘરાણી કરવાની રહેશે નહિ.

કન્સેશનર, સ્થાનિક યાતાયાત માટે સંબંધિત વાહન, જે તે વાહન પરિયોજના ધોરીમાર્ગ ઉપર એક વખત ફેરો/ખેપ કરતું હોય તેવા એક ફેરા માટે ચુકવવા પાત્ર ફીથી પાંચ ગણી જેટલી ફી પાસ આપવાના અને સ્થાનિક યાતાયાત /અવરજવરની સંભાળ લેવાના ખર્ચની વસુલાત પેટે વસુલાત કરીને, સ્થાનિક ઉપયોગકર્તા, (ક) તહેસિલદાર /નાયબ તહેસિલદાર /તાલુકા વિકાસ અને પંચાયત અધિકારીના રહેઠાણના પ્રમાણપત્ર તરીકેના આવા પુરાવા અથવા રેશન કાર્ડ અથવા મતદાર ઓળખપત્ર, (ખ) આવો પાસ જરૂરી હોય એવી અંગત મોટરગાડીની નોંધણીના કાગળો સાથે લિખિત અરજી કરે તો તેમને માસિક પાસ આપશે. કેવળ સ્થાનિક ઉપયોગકર્તાના નામે નોંધાયેલી

મોટરગાડી અને રહેઠાણના ઉકત પુરાવામાં નિર્દિષ્ટ સરનામું ધરાવતી ગાડી જ માસિક પાસ માટે પાત્ર ઠરશે. રહેઠાણના પુરાવા અને નોંધણીના કાગળો રજૂ કર્યે કન્સેશનર તેમની એક નકલ રાખશે અને મૂળ દસ્તાવેજો તરત જ પરત કરશે.

**12.સેવા માર્ગ (સર્વિસ રોડ) ની જોગવાઈ પછી**

આ નિયમોમાં કોઈપણ જોગવાઈ હોય તેમ છતાં, સ્થાનિક યાતાયાત/અવરજવર, મોટર સાઈકલ અને ટ્રેકટર ધ્વારા મફત ઉપયોગ માટે સેવા માર્ગ/સર્વિસ રોડના બાંધકામ થવાની બાબતમાં, આવી અવરજવર મુખ્ય પરિવહન માર્ગ (મેઇન કેરેજવે) ના ઉપયોગ કરવા માટે ફી ની ચુકવણી કરવાપાત્ર ઠરશે.

**13.વારંવાર ઉપયોગ કરનારા માટે કન્સેશન / વળતર ફી**

કન્સેશનર કોઈપણ વ્યકિતની વિનંતીથી સંબંધિત વાહન પરિયોજના ધોરીમાર્ગ પર એકવાર એકમાર્ગી ફેરો કરવાનું હોય તો તે માટે ચુકવવાપાત્ર ફીના ૧૬૦% (એકસો સાઈઠ ટકા) જેટલી રકમની ચુકવણીથી પરત પાસ (રિટર્ન પાસ ) આપશે.

કન્સેશનર, કોઈપણ વ્યકિતની ૨૦ કે તેથી વધુ એકમાર્ગી ટોલ ટિકિટ આપવા અંગેની વિનંતીથી સંબંધિત વાહન માટે ચુકવવાપાત્ર ફીના ૮૦% (એંશી ટકા) જેટલા રાહત દરે આવી ટિકિટ આપશે. આવી રાહત ટિકિટ-નિર્દિષ્ટ વાહનને એક માસ (કેલેન્ડર માસ) ના ગાળા દરમિયાન કોઈપણ સમયે પરિયોજના ધોરીમાર્ગ ઉપર દરેક એકમાર્ગી ફેરા વખતે એક ટિકિટનો ઉપયોગ કરીને જવા માટે હકદાર ઠરાવશે.

**14.ફી ની ચોરી માટે વધારાના ચાર્જ**

કોઈપણ વાહન જરૂરી ફીની ચુકવણી વિના પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરે તેવા કિસ્સામાં કન્સેશનર, લાગુ પાડવાપાત્ર કાયદો અને પરવાનગીઓને આધીન રહીને આવાં વાહન અંગેની જરૂરી ફી અને પરિયોજના ધોરીમાર્ગના અનધિકૃત ઉપયોગ કરવાથી પૂર્વનિયુકત પૂર્વનિર્ધારિત નુકશાન અંગે સમાન રકમ નકકી કરવા અને વસૂલ કરવા હકકદાર રહેશે. પરંતુ, આવી ફી અને પૂર્વનિયત નુકશાન નિર્ધારણ અને વસુલાત કન્સેશનરના જોખમે અને ખર્ચે કરવાની રહેશે અને જીએસઆરડીસી કોઈપણ રીતે તે બાબતમાં જવાબદાર ઠરશે નહીં. વધુમાં અતિલાદણ (ઓવર લોડિંગ)ની જાણ થતાં કન્સેશનર આવા વાહનમાંથી વધારાનો વજન દૂર કરાવવામાં ન આવે ત્યાં સુધી વાહનને પરિયોજનાનો ઉપયોગ કરતાં અટકાવશે અને જીએસઆરડીસી, કન્સેશનરના પક્ષો આવા વાહન અથવા આવું વાહન ચલામવતી વ્યકિતની બાબતમાં કોઈ ચૂક અથવા ત્રુટિ માટે જવાબદાર ઠરશે નહિ.

**15.ઓવર લોડિંગ કરેલા વાહનો માટે વધારાની ફી**

ઉકત ખંડ-૧૪ ની જોગવાઈઆેને આધીન, અને લાગુ પાડવાપાત્ર કાયદો હેઠળ ઉભી થયેલી જવાબદારીને બાધ આવ્યા સિવાય, આવા કાયદામાં નિયત કરેલી પરવાનગીપાત્ર મયર્ાદાથી વધુ વજન ભરેલા આવા કોઈ વાહનને ચલાવતી કોઈ પણ વ્યકિતને કન્સેશનર, આ પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરવા દેશે નહીં.સાથે સાથે આવી વ્યકિતએ, આવા ઉપયોગથી પરિયોજનાને નુકશાન, બગાડ થયો હોય તેના બદલામાં વધારાની ફી (એડિશનલ ફી) ની ચુકવણી કરવાની રહેશે. આ વધારાની ફી નીચેના કરતા વધવી જોઈએ નહીં:-

(ક) આવા વાહનમાં પરવાનગીપાત્ર વજનથી ૧૦% વધતું હોય તો ફી ના ૫૦% (પચાસ ટકા), પરંતુ પરવાનગીપાત્ર વજનના ૨૦% (વીસ ટકા) થી વધવું જોઈએ નહીં, અને

(ખ) આવા વાહનમાં પરવાનગીપાત્ર, વજનથી ૨૦% (વીસ ટકા) થી વજન વધતું હોય તો ફી ના ૧૦૦% (સો ટકા)

પરંતુ વધારા ફી કન્સેશનર ધ્વારા દરેક ટોલ પ્લાઝાના માન્યતા પ્રાપ્ત સ્થિર વજન કાંટા (સ્ટાન્ડર્ડ સ્ટેટિક વેઈંગ મશીન), કે જે કન્સેશનરે મુકવાના રહેથી માપીને ખરેખર એકદંર વાહન વજનના આધારે વસુલ કરવાની રહેશે.

વધુમાં, કન્સેશનરે વધારાની ફી નું નિર્ધારણ અને વસુલાતનું નિયમન અને અમલ તેમના જોખમે અને ખર્ચે કરવાનાં રહેશે અને આવી વધારાની ફીની પૂરેપૂરી અથવા તો તેના ભાગની કોઈપણ કારણસર અથવા તેને લગતી બાબતમાં વસુલાત કરવામાં અક્ષામતા કે નિષ્ફળતાની બાબતમાં જીએસઆરડીસીના સામે કોઈ દાવો કરી શકશે નહીં.

**16.ફી ના દરનું પ્રદર્શન:**

કન્સેશનર પરિયોજના ધોરીમાર્ગની શરૂઆતમાં અને ટોલ પ્લાઝાની નજીક, પરિયોજના ધોરીમાર્ગની બંને બાજુથી આવતા ઉપયોગકર્તાઓની જાણ માટે લાગુ પડતા દર યોગ્ય રીતે દર્શાવશે.

કન્સેશનરે વખતો-વખત લાગુ પાડવા પાત્ર ફી અને તેની ગણતરી અંગે જીએસઆરડીસીને જાણકારી આપવાની રહેશે. આવી માહિતી, ફી જાહેરનામા હેઠળ અને તેને અનુસાર ફીની સુધારણાની દિવસથી ઓછામાં ઓછા ૧૫ દિવસ પહેલાં જણાવવાની રહેશે.

કન્સેશનર, આ ફી જાહેરનામા હેઠળ ચુકવવાપાત્ર ફી ના દરથી વધુ રકમનો કોઈ સુધારો, પ્રદર્શન અથવા વસુલાત કરશે નહીં.કન્સેશનરે અથવા તેમના વતી વધારાની રકમો વસુલ કરવામાં આવી હોય તેવા કિસ્સામાં, તેમને જીએસઆરડીસીની આવા મતલબની નોટીસ મળતાં જીએસઆરડીસીને આવી વધારાની રકમ તેના ૨૫% (પચ્ચીસ ટકા ) જેટલા નુકશાન સાથે રિફંડ (પરત )કરવાની રહેશે.

ફી ના દર, ફીની ચુકવણીમાંથી મુકિત આપવામાં આવી હોય તેવાં વાહનોની કક્ષા અને કોઈ ફરિયાદ હોય તો, જે કન્સેશનરને ફરીયાદ કરવાની હોય તે કન્સેશનરનું નામ, સરનામુ અને ટલિફોન નંબર, ટોલ બુથની પહેલા ૫૦૦ મીટર, ટોલ બુથની પહેલાં ૧૦૦ મીટર અને ટોલ બુથ ખાતે પણ તરત નજરે ચડે તેમ અને આગળ પડતા ભાગે સરળ બની રહે અને આવા બોર્ડ, અંગ્રેજી, હિન્દી અને આ અનુભાગ જે વિસ્તારમાં આવતો હોય તે વિસ્તારની પ્રાદેશિક ભાષામાં સુવાચ્ય રીતે લખાયેલાં હોવા જોઈએ.

**17.ટોલ ચાર્જને પુરા/આખા અંકમાં તબદીલ કરવા**

આ નિયમો હેઠળ દરેક વાહન પાસેથી વસુલ કરવાના ટોલ ચાર્જ નજીકના પાંચ રૂપિયામાં તબદીલ કરવામાં આવશે.

**18.** કન્સેશનર, ફી વસુલાતના પ્રભારી તરીકે એક અધિકારીની નિયુકિત કરશે. કન્સેશનર અને ઉકત અધિકારી પણ સંમત થયેલા દરથી વધુ દરે ફી વસુલ કરવામાં આવતી નથી, અને માર્ગના ઉપયોગકર્તાઓને માટે અકારણ મુશ્કેલી ઉભી કર્યા વિના સરળતાથી વસૂલ કરવામાં આવે છે અને તે સાથે સંકળાયેલી તમામ બાબતોની ખાતરી કરવા જવાબદાર છે.

19. કન્સેશનર, આ જાહેરનામાનો સાર અને કન્સેશન કરારમાં જોગવાઈ કર્યા પ્રમાણે વારંવાર ઉપયોગ કરનારા માટે છુટછાટના દરની યોજના અને આ જાહેરનામાની જોગવાઈ પ્રમાણે વાણિજિયક સંચાલનની તારીખ સાથે બે સ્થાનિક વર્તમાનપત્રોમાં (જેમાનું એક સ્થાનિક ભાષાનું રહેશે) પ્રસિધ્ધ કરશે, આ જાહેરનામા અનુસાર સુધારેલી ફીને અમલમાં મુકતા, પહેલાં આવા સારનું પુનરાવર્તન કરવાનું રહેશે.

**20. અનધિકૃત્ત વસૂલાત**

કન્સેશનર, કોઈ વ્યિકત પાસેથી મળવાપત્ર ન હોય અને અહીં ચુકવવાપાત્ર ન હોય એવી રકમ વસુલ કરે તેવા કિસ્સામાં, કન્સેશનર, આવી રીતે વસૂલ કરેલી રકમ ઉપર વસુલાતની તારીખથી રકમ પરત કર્યાની તારીખ સુધી દરેક દિવસ દીઠ ૩% (ત્રણ ટકા) ની રકમ સહિત આવી રકમ આપી વ્યકિતને નુકશાની ઉપાય તરીકે તરત જ પરત કરવા જવાબદાર રહેશે. ઉપર જણાવેલી રીતે નુકશાન સહિત ગણવામાં આવેલી રકમ આવી વ્યકિતને કોઈપણ કારણસર ચુકવવામાં ન આવે તેવા કિસ્સામાં તે રકમ વસૂલાતની તારીખથી ૧૫ (પંદર) દિવસમાં જીએસઆરડીસી ખાતે જમા કરવાની રહેશે.

નિયમ ૨૦ હેઠળ કન્સેશનરે ચુકવવાની રકમને લગતા કોઈપણ વિવાદનું નિરાકરણ જીએસઆરડીસી ધ્વારા કરવામાં આવશે.

ટોલની વસૂલાત અંગેની બાબતમાં કોઈ વ્યકિત નારાજ થાય તો તે જીએસઆરડીસીને ફરિયાદ કરી શકે. જીએસઆરડીસી આવી ફરિયાદ અંગે ૧૫ (પંદર) દિવસની મુદતમાં આદેશો આપશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.એલ.સુથાર)
ખાસ ફરજ પરના અધિકારી(વિ. યો.)
માર્ગ અને મકાન વિભાગ,
ગુજરાત સરકાર

<u>નકલ રવાના:-</u>

૧. માન.મંત્રીશ્રી, માર્ગ અને મકાન વિભાગના અંગત સચિવશ્રી,
૨. સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ,
૩. વહીવટી સંચાલકશ્રી, ગુજરાત રાજય, માર્ગ વિકાસ નિગમ લી., નિર્માણ ભવન ગાંધીનગર.
૪. કલેકટરશ્રી, જી. રાજકોટ.
૫. કલેકટરશ્રી, જી. જામનગર.
૬. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, જી. રાજકોટ.
૭. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, જી. જામનગર.
૮. કાર્યપાલક ઇજનેર, માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ.
૯. કાર્યપાલક ઇજનેર, માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ.
૧૦. મે.એલ એન્ડ ટી રાજકોટ -વાડીનાર ટોલ વે.લી.અમદાવાદ
૧૧. મે. એલ.એસ.આર. એન્જીનીયરીંગ કન્સલ્ટન્સી સર્વિસીસ, ગાંધીનગર.

(મુળ અંગ્રેજીનો અનુવાદ-ફકત વર્તમાન પત્રો તેમજ નિગમ અને મા.મ.વિભાગની વેબસાઈટ પર પ્રગટ થવા માટે)
(મુળ અંગ્રેજી ફી નોટીફીકેશન નિગમની વેબસાઈટ www.gsrdc.com પર ઉપલબ્ધ છે.